EDII

Prabhat

May 19, 2026
Page No. 07

# એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ તેનો ૨૫મો દીક્ષાંત સમારોહ યોજ્યો

એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદ, જેને ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય દ્વારા 'સેન્ટર ઓફ એક્સેલન્સ' તરીકે માન્યતા આપવામાં આવી છે, તેણે ૧૮ મે ૨૦૨૬ના રોજ પોતાના અમદાવાદ કેમ્પસ ખાતે શૈક્ષણિક કાર્યક્રમોના ૨૫મા દીક્ષાંત સમારોહનું આયોજન કર્યું હતું? આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના માનનીય લેફ્ટનન્ટ ગવર્નર શ્રી વિનય કુમાર સક્સેનાએ ઉપસ્થિતિ આપી હતી? આ પ્રસંગે શ્રી રાકેશ શર્મા, પ્રમુખ—ઈડીઆઈઆઈ તથા મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર, આઈડીઆઈબીઆઈ બેંક લિમિટેડ; ડૉ. સુનીલ શુક્લા, ડિરેક્ટર જનરલ, ઈડીઆઈઆઈ; તેમજ ઈડીઆઈઆઈ ગવર્નિંગ બોર્ડના પ્રતિષ્ઠિત સભ્યો પણ હાજર રહ્યા હતા? તેમાં શ્રી ગોપાલ ઝા, ચીફ જનરલ મેનેજર (એસએમઈ એન્ડ સપ્લાય ચેન્જ ફાઈનાન્સ), સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, મુંબઈ; ડૉ. મિલિંદ કાંબલે, સ્થાપક અધ્યક્ષ, દલિત ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (ડીઆઈસીસીઆઈ), પુણે; શ્રી રાજેશ ગાંધી, મેનેજીગ ડાયરેક્ટ, વાડીલાલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, અમદાબાદ; તથા ડૉ. ઓ. પી. ગોયલ, સલાહકાર ટુ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર, નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન, નવી દિલ્હીનો સમાવેશ થાય છે.

૨૫મા દીક્ષાંત સમારોહ દરમિયાન વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો હેઠળ કુલ ૯૮ વિદ્યાર્થીઓ અને સ્કોલર્સને ડિપ્લોમા તેમજ પૂર્ણતા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા? આ વર્ષની સ્નાતક બેચમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ – એન્ટરપ્રેન્યોરશિપ (પીજીડીએમ-ઈ)ના ૭૬ વિદ્યાર્થીઓ, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ – ઈનોવેશન એન્ટરપ્રેન્યોરશિપ એન્ડ વેન્ચર ડેવલપમેન્ટ (પીજીડીએમ-આઈઈવી)ના ૮ વિદ્યાર્થીઓ, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ – ઓનલાઈન (પીજીડીએમ-ઓનલાઈન)ના ૧૧ વિદ્યાર્થીઓ તેમજ ફેલો પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ (એફપીએમ)ના ૩ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતાં મુખ્ય અતિથિ અને કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના માનનીય લેફ્ટનન્ટ ગવર્નર (એલજી) શ્રી વિનય કુમાર સક્સેનાએ જણાવ્યું હતું કે, "મહત્વપૂર્ણ સિદ્ધિઓ પ્રાપ્ત કર્યા પછી ઘણીવાર એવું ભ્રમ ઊભું થાય છે કે હવે આપણું શિક્ષણ પૂર્ણ થઈ ગયું છે? પરંતુ આ સત્ય નથી? શીખવાની પ્રક્રિયા જીવનભર ચાલતી અને સતત આગળ વધતી યાત્રા છે."

વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં ઈડીઆઈઆઈના પ્રેસિડેન્ટ તેમજ આઈડીબીઆઈ બેંક લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર એન્ડ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી રાકેશ શર્માએ જણાવ્યું હતું કે, "નવોત્તરતા ઉદ્યોગસાહસિકતાનો આધારસ્તંભ બની રહી છે. ઈડીઆઈઆઈના પૂર્વ વિદ્યાર્થીઓએ આ ભાવનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સાથે જ હું સ્નાતક થઈ રહેલા વિદ્યાર્થીઓને અપીલ કરું છું કે તેઓ જીવનભર શીખવાની માનસિકતા જાળવી રાખે —સ્થાપિત માન્યતાઓ પર પ્રશ્નો ઉઠાવે, વિકલ્પોની શોધ કરે અને સર્જનાત્મકતા તથા હેતુપૂર્ણ અભિગમ સાથે પડકારોનો સામનો કરે? અસ્થિરતા, અનિશ્ચિતતા, જટિલતા અને અસ્પષ્ટતાથી ભરેલી આ દુનિયામાં બદલાતી પરિસ્થિતિઓને અનુરૂપ થવાની ક્ષમતા હવે વિકલ્પ નહીં પરંતુ અનિવાર્ય જરૂરિયાત બની ગઈ છે"